ખાદ્યતેલના ભાવો ઘટતા ગૃહિણીઓને રાહત

સીંગતેલ અને અન્ય તેલના ભાવોમાં છેલ્લા એક અઠવાડિયામાં ૫૦ રૂ. સુધીનો ઘટાડો

ગાંધીનગર, તા. ૨૩

વધતી મોંઘવારી વચ્ચે ગૃહિણીઓ માટે સારા સમાચાર આવ્યા છે. તમામ ચીજવસ્તુઓના ભાવ વધ્યા છે ત્યારે ખાદ્યતેલોના ભાવોમાં ધરખમ ઘટાડો થયો છે. છેલ્લા એક અઠવાડિયામાં જ સીંગતેલમાં ૫૦ રૂ. જેટલો ઘટાડો થયો છે. અન્ય સાઈડ તેલમાં પણ આ સાથે જ ઘટાડો થયો છે.

ખાદ્યતેલ જીવન જરૂરી યાતની ચીજવસ્તુમાં સૌ પ્રથમ આવે છે. જો કે તેના ભાવ સતત દઝાડતા રહે છે. ખાદ્યતેલના ભાવો વારંવાર વધતા રહેતા ગૃહિણીઓનુ બજેટ ખોરવાય છે. ખાદ્યતેલોના ભાવો વધતાં ગૃહિણીઓ સીંગતેલના બદલે અન્ય તેલ વાપરવા મજબૂર બને છે.

ખાદ્યતેલના ભાવો બાબતે છેલ્લા કેટલાક સમયથી ગૃહિણીઓને રાહત થઈ છે. સીંગતેલના ભાવોમાં ઘટાડો થયો છે. સાથે જ કપાસીયા સહિતના અન્ય તેલના ભાવો પણ સતત ઘટી રહ્યા છે. સીંગતેલનો ભાવ છેલ્લા એક અઠવાડિયામાં ૫૦ રૂ. ઘટ્યો છે. ૧૫ કિલો સીંગતેલનો ભાવ ૨૭૫૦ થી ૨૯૦૦ રૂ. સુધીનો રહ્યો છે. જ્યારે કપાસીયા તેલનો ડબ્બો ૧૬૦૦ રૂ. સુધી વેચાઈ રહ્યો છે. સીંગતેલ સહિતના ખાદ્યતેલોના ભાવો ઘટતા ગૃહિણીઓ ખુશખુશાલ બની છે. ભાવો ઓછા થતાં કેટલીક ગૃહિણીઓએ તો આખા વર્ષ માટે ડબ્બા ભરી લીધા છે. વેપારીઓના જણાવ્યા અનુસાર હાલ ખાદ્યતેલની માંગ ઓછી છે. વળી તેલીબિયાના ભાવો પણ ઘટ્યા છે. જેના કારણે ભાવો ઓછા થયા છે. જીવન જરૂરી યાતની ચીજવસ્તુ એવા ખાદ્યતેલોમાં ઘટાડો થતાં ગૃહિણીઓ રાહત અનુભવી રહી છે.

૨૧મી જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે નવમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. યોગબોર્ડ દ્વારા તેની તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. યોગબોર્ડ દ્વારા ૭૫૦ યોગ કોચ તૈયાર કરવામાં આવ્યા છે. હાલ ૮૦ હજારથી વધુ યોગ ટ્રેનર ગુજરાતમાં યોગની તાલીમ આપી રહ્યા છે. યોગ દિવસના પ્રચાર પ્રસાર માટે પણ ખાસ તૈયારીઓ યોગ બોર્ડે કરી છે.

અનેક સ્વાસ્થ્ય ફાયદા આપતી કટ ગુંદી લગભગ ખોવાઈ જ ગઈ

ગાંધી.તા.૨૩

ગુંદી, કટ ગુંદી કે ગુંદા તરીકે દેખાતાં આ નાનાં-નાનાં ફળ આજે પણ ગામડાંમાં બહુ પ્રચલિત છે. ગરમીના દિવસોમાં તેના ઝાડ પર નાનાં-નાનાં ઝુમખાંમાં લટકતાં કેસરી રંગનાં ગુંદાં એટલાં સુંદર લાગે છે કે, પાસેથી પસાર થતા લોકો જોતાં જ તોડીને ખાવા માટે લલચાય. ઉનાળામાં તેના ઝાડ પર પાન ઓછાં અને ગુંદાં વધારે દેખાય છે, જેનાથી તેનો આખો દેખાવ જ લલચામણો લાગે છે.

ખેતરના શેઠા પર કે વનવગડામાં તેનાં ઝાડ જોવા મળતાં હતાં, જોકે આજકાલ તો બજારમાં પૈસા ખર્ચવા છતાં મળવાં લગભગ દુર્લભ બની ગયાં છે. કચ્છમાં આ કટ ગુંદીને લિયાર નામથી પણ ઓળખવામાં આવે છે, જેમાં અંદરની તરફ ચીકણો રસ હોય છે. આ નાની કેસરી રંગની ગુંદી હોય કે મોટાં ગુંદાં હોય

જેનો ઉપયોગ આપણે શાક કે અથાણું બનાવવા માટે કરીએ છીએ, આ બંને સ્વાસ્થ્ય માટે ખૂબજ ફાયદાકારક ગણાય છે. ગુંદાંની પ્રકૃતિ ઠંડી હોવાથી તે ઉનાળામાં ખૂબજ ફાયદાકારક ગણાય છે. આ ઉપરાંત તેના ઝાડના ફાયદાઃ

જે લોકોને રક્તપિત્તની બીમારી હોય તેમના માટે આ ફળનું સેવન ખૂબજ ફાયદાકારક ગણાય છે.

જે લોકોને વર્ષોથી કબજિયાત રહેતી હોય ગુંદાના સેવનથી વાત અને પિત્તમાં રાહત મળે છે. ગુંદાનું ફળ અને સેવનથી આંતરડાંમાં ચીકાશ ઉત્પન્ન થાય છે, જેના કારણે મળ ત્યાગમાં સરળતા રહે છે.

કોઈ નાનુ જીવજંતુ કે મધમાખી કરડી હોય તો ડંખની જગ્યાએ ગુંદાની છાલનો લેપ લગાવવાથી ઝેરની અસર ઓછી થાય છે અને તરત જ રાહત મળે છે.

પહેલાંના સમયમાં આપણાં વડીલો કહેતાં કે, આ કટગુંદીનું સેવન સાંધાના દુખાવામાં ખૂબજ ફાયદાકારક રહે છે. તેના સેવનથી કમર અને પગ ઓછા દુઃખે છે.

આ ઉપરાંત આ કટ ગુંદીમાં વિટામિન સીનું પ્રમાણ પણ ઘણું સારું હોય છે, એટલે જ તેનું સેવન એકંદર સ્વાસ્થ્ય માટે બહુ ફાયદાકારક ગણાય છે અને શરીરનું રોગો સામે રક્ષણ કરે છે. આ જ કારણે આપણાં વડીલો ઉનાળા દરમિયાન ખેતરો-જંગલોમાંથી ગુંદાં વીણી લાવતાં અને ખાવાનું ચૂકતાં નહીં. એટલું જ નહીં, સિઝન બાદ પણ તેને ખાઈ શકાય એ હેતુથી તેઓ તેને સુકવીને તેની કોકડી બનાવીને પણ રાખતાં અને ખાતાં.

સહકાર, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રીને લગતી બાબતો અંગે પરામર્શ થયો

ગાંધીનગર, તા.૨૩

સહકાર, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી તથા પ્રોટોકોલને લગતી બાબતોના રાજ્યકક્ષાના મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માના અધ્યક્ષ સ્થાને સંસદસભ્યશ્રીઓ તથા ધારાસભ્યોની સ્થાયી પરામર્શ સમિતિની બેઠક આજે ગાંધીનગર ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં ઉચ્ચ અધિકારીઓદ્વારા સહકાર, પ્રોટોકલ, છાપકામ અને લેખન સામગ્રી તથા મીઠા ઉદ્યોગ અંગે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યાં હતાં, જેમાં સંબંધિત વિભાગની કામગીરીની વિસ્તૃત વિગતો રજૂ કરાઈ હતી, જેના અનુસંધાને દ્વિપક્ષીય હકારાત્મક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. મંત્રી શ્રી વિશ્વકર્માએ આ પ્રસંગે કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી ગુજરાતની વિકાસયાત્રાને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ટીમ ગુજરાત આગળ ધપાવી રહી છે. ગુજરાતના વિકાસને વધુ વેગવંતો બનાવવામાં સ્થાયી પરામર્શ સમીતિ જેવી બેઠકોનું યોગદાન ખૂબ જ મહત્વપૂર્ણ છે. જનતા જનાર્દનના પ્રાણપ્રશ્નો ધારાસભ્યશ્રીઓ રાજ્ય સરકાર સુધી પહોંચાડે છે, અને તેના આધારે જ રાજ્ય સરકાર તેમના પ્રશ્નોનો યોગ્ય નિકાલ લાવી શકે છે. આથી આ બેઠકમાં સૂચનો કરવા બદલ મંત્રીશ્રીએ તમામ ધારાસભ્યશ્રીઓનો આભાર માન્યો હતો.

એરપોર્ટ પર સુવિધા યુક્ત FASTag કાર પાર્ક લોન્ચ

અમદાવાદ, તા.૨૩

અમદાવાદ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટે પાર્કિંગ સુવિધાને સારી બનાવવા માટે ફાસ્ટેગ કાર પાર્કિંગ લોન્ચ કર્યુ છે.

૨૩ મેથી શરૂ કરાયેલી આ નવતર સુવિધાનો લાભ એરપોર્ટ પર મુસાફરી કરતા લોકો સરળતાથી લઈ શકશે. પરિવારજનોને પીક-અપ કે ડ્રોપ કરવા આવતા લોકો ટર્મીનલ-૨ પર આ સુવિધાનો ઉપયોગ કરી શકશે. ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન સિસ્ટમ FASTag દ્વારા SVPIAની શ્રેષ્ઠત્તમ તકનીકોમાં વધુ એકનો ઉમેરો થયો છે. જેનાથી મુસાફરોની સગવડોમાં વધારાની સાથે તેમને ઉત્કૃષ્ટ અનુભવ પણ મળશે.

SVPIA શરૂઆતથી જ ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરતું રહ્યું છે.

SVPIA ખાતે વાહનોના ઝડપી પ્રવેશ અને નિકાસ માટે FASTagની સુવિધામાં એક -એક લેન રાખવામાં આવી છે. FASTag શરૂ થતાં પાર્કિંગમાં વાહનોની ગતિવિધીઓ ઝડપથી થશે. જેના કારણે સમય અને ઈંધણની બચત થશે. FASTagનો મહત્વનો ફાયદો એ છે કે તેમાં રોકડ વ્યવહારો ની જરૂરિયાત રહેતી નથી, જેથી બધાને સરળતાથી અને ઝડપી પાર્કિંગ વિકલ્પો મળી રહે છે.

હવે મુસાફરોને એરપોર્ટ પર પાર્કિંગની રસીદ માટે અથવા પ્રવેશ કે બહાર નીકળતી વખતે રોકડ/ક્રેડિટ ચૂકવણી કરવા રાહ જોવી કે માનવીય હસ્તક્ષેપ રહેશે નહીં. તેથી એકંદરે પાર્કિંગ અનુભવને સીમલેસ બનાવે છે. જો કે, FASTag પાર્કિંગ ઉપયોગ કરતા પ્રવાસીઓએ તેમના FASTagમાં પુરતા બેલેન્સ અને સક્રિય હોવાની ખાતરી કરવી જરૂરી છે.

વળી નિર્ધારીત FASTag લેનમાં પ્રવેશતા મુસાફરોએ બહાર નીકળવા માટે પણ એ જ લેનમાંથી પસાર થવું આવશ્યક છે. મુસાફરોએ માનક દર ચૂકવ્યા બાદ પાર્કિંગ સુવિધા માટે કોઈ વધારાનો ખર્ચ કરવો પડતો નથી. SVPIA એરપોર્ટ દૈનિક કામગીરીને સુધારવા ટેક્નોલોજીને નિયમિત અપગ્રેડ કરે છે

ગુજરાતવાસીઓને ગરમીથી રાહત મળવાની વકી

બફારો વધવાથી અકળામણ થશે : હવામાન વિભાગે કરેલી આગાહીમાં ગરમીથી સામાન્ય રાહત મળવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી હતી

અમદાવાદ, તા.૨૩

હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી તેમાં ગરમીથી રાહત મળવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી, જોકે, ભેજનું પ્રમાણ વધવાથી બફારો વધશે જેના કારણે અકળામણ વધી શકે છે. તાપમાન ઘટવાની સાથે ભેજનું પ્રમાણ વધવાથી પરસેવે રેબઝેબ થઈ શકો છો. આ સાથે અમદાવાદ માટે આજે પણ યલો એલર્ટ આપવામાં આવ્યું છે. અમદાવાદ રાજ્યમાં સૌથી ગરમ શહેર રહ્યું હતું. શહેરમાં હાલ તાપમાન ૪૨-૪૩ ડિગ્રીની આસપાસ રહે છે, જેમાં આગામી સમયમાં ઘટાડો થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસના હવામાનની આગાહી કરાઈ હતી. અમદાવાદ હવામાન કેન્દ્રના ડિરેક્ટર ડૉ. મનોરમા મોહંતીએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં આગામી પાંચ દિવસ હવામાન મોટાભાગે સૂકું રહેવાની સંભાવના છે. વરસાદ થવાની વધુ સંભાવનાઓ નથી. આ સિવાય આગામી પાંચ દિવસ તાપમાનમાં પણ મોટા ફેરફાર થવાની સંભાવનાઓ નથી. એટલે કે આજથી ચાર દિવસ માટે હવામાન સૂકું રહેવાની શક્યતાઓ વ્યક્ત કરાઈ રહી છે. હવામાન વિભાગે કરેલી આગાહીમાં ગરમીથી સામાન્ય રાહત મળવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી હતી. હવામાન વિભાગે ગરમીમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થવાની આગાહી કરી છે. જોકે, ગરમીમાં ઘટાડો થવાની સંભાવનાની સાથે ભેજનું પ્રમાણ વધવાની પણ શક્યતાઓ વ્યક્ત કરાઈ હતી. જોકે, ભેજનું પ્રમાણ વધવાથી અકળામણ વધશે. અમદાવાદ શહેર ૪૩ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. જ્યારે ગાંધીનગરનું મહત્તમ તપમાન ૪૨ ડિગ્રી રહ્યું હતું. આ સિવાય અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર, વલ્લભ વિદ્યાનગર, વડોદરામાં તાપમાન ૪૧ ડિગ્રી નોંધાયું હતું. સૌરાષ્ટ્રના ત્રણ ભાગોને છોડતા બાકી તમામ જગ્યાઓ પર ૩૫ ડિગ્રીની આસપાસ તાપમાન નોંધાયું હતું. ડૉ. મનોરમા મોહંતીએ અમદાવાદની સાથે ગાંધીનગરના મહત્તમ તાપમાનમાં પણ ઘટાડો થવાની શક્યતાઓ વ્યક્ત કરી હતી. અમદાવાદ માટે આજે યલો એલર્ટ આપવામાં આવ્યું હતું. જોકે, આજ પછી અમદાવાદમાંથી યલો એલર્ટ દૂર થવાની શક્યતાઓ વ્યક્ત કરાઈ છે. બે-ત્રણ દિવસ પછી ભેજનું પ્રમાણ વધવાની સંભાવના છે, જેના કારણે હવામાનમાં ફેરફાર થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે, પરંતુ હવામાન સૂકું રહેવાની જ સંભાવના ડૉ. મોહંતી દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. ભેજનું પ્રમાણ વધવાની ગરમીમાં ઘટાડો થશે.રાજ્યમાં સૌથી નીચું મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી દ્વારકા તથા કેન્દ્ર શાસિત પ્રદેશ દીવમાં નોંધાયું હતું. હાલ રાજ્યમાં અલગ-અલગ જગ્યાઓ પર ભેજનું પ્રમાણ ૮૦%ને પાર જઈ રહ્યું છે. જેમાં દરિયા કિનારાના વિસ્તારોમાં ભેજનું પ્રમાણ વધુ રહે છે. બપોર પછી ગરમીનું જોર વધતા ભેજના પ્રમાણમાં ઘટાડો થવા લાગે છે. પરંતુ આગામી દિવસોમાં ભેજનું પ્રમાણ વધવાની શક્યતાઓના કારણે બફારો અને અકળામણ વધી શકે છે.

શિક્ષણના નામે સેટિંગબાજીનો પર્દાફાશ પૈસા આપો અને સ્કૂલે જવાની જરૂર નહીં

નામચીન સ્કૂલો પણ બોગસકાંડમાં સામેલ : રાજકોટની અનેક સ્કૂલ વિદ્યાર્થી પાસેથી માત્ર ફી પડાવે છે પોતાનું પરિણામ ઉંચું લાવવા અને શિક્ષકો ન રાખવા માટે સ્કૂલો આવું કૌભાંડ કરે છે

રાજકોટ, તા.૨૩

નોન ગ્રાન્ટેડ,ડમી અને કન્સપ્ટ શાળાઓ શિક્ષણનો વેપાર કરતી હોવાનું સામે આવ્યું છે. આવી સંસ્થામાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે, પરંતુ શિક્ષણ આપવામાં આવતું નથી. અભ્યાસ કરાવવા માટે વિદ્યાર્થીઓને ખાનગી કોચિંગ ક્લાસિસમાં એડમિશન લેવડાવવામાં આવે છે, ત્યારે રાજકોટના કેળવણીકાર સિદ્ધરાજસિંહ ઝાલાએ નિવેદન આપ્યું છે. સિદ્ધરાજસિંહ ઝાલાએ કહ્યું કે, શિક્ષણ સાથે આ મોટા ચેડા છે. રાજકોટની અનેક સ્કૂલ વિદ્યાર્થી પાસેથી માત્ર ફી પડાવે છે. પોતાનું પરિણામ ઉંચું લાવવા અને શિક્ષકો ન રાખવા માટે સ્કૂલોકો આવું કૌભાંડ કરે છે. આવી સ્કૂલો સામે કમિશનર ઓફ સ્કૂલ અને બોર્ડે કાર્યવાહી કરવાની જરૂર છે. આવી રીતે સ્કૂલ ચલાવવાથી સ્કૂલ સંચાલકો અને કોચિંગ ક્લાસિસ બન્નેને ફાયદો થઈ રહ્યો છે. આવા સ્કૂલ સંચાલકો વિરુદ્ધ પોલીસ ફરિયાદ પણ થવી જોઈએ. વાલીઓની જાગૃતતાના અભાવે સ્કૂલો આવું કૌભાંડ કરે છે. જેથી વાલીઓએ પણ જાગૃત થવાની જરૂર છે. ગુજરાતમાં શિક્ષણના પવિત્ર વ્યવસાયનું વેપારીકરણ થઇ રહ્યું છે. પોતાના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે ચિંતિત વાલીઓનો આકાશ ઈન્સ્ટિટ્યૂટ અને એલન ઈન્સ્ટિટ્યૂટ જેવી ખાનગી સંસ્થાઓ ગેરલાભ લઈ રહી છે. વાલીઓ પોતાના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે બેફામ ખર્ચ કરવા મજબૂર બન્યા છે. ત્રઈઈ અને દ્રઈઈ જેવી એન્ટરન્સ પરીક્ષા માટે ધો.૧૧-૧૨ સાયન્સનો અભ્યાસ કરવો જરૂરી છે. આવામાં આ પ્રવેશ પરીક્ષાની તૈયારીઓ સ્કૂલમાં થઈ શકતી ન હોવાથી સ્કૂલો એલન અને આકાશ જેવી ખાનગી ઈન્સ્ટિટ્યૂટ સાથે સેટિંગ કરીને એડમિશન આપી દે છે. એડમિશન આપતી વખતે એ પણ સવલત કરી દેવામાં આવે છે કે હાજરી નહીં હોય તો પણ ચાલશે પરંતુ તમારે ખાનગી ઈન્સ્ટિટ્યૂટમાં ભણવાનું રહેશે. આવામાં માલેતૂજાર વ્યક્તિઓના સંતાનો માનીતી સ્કૂલોમાં હાજરી વિના પૈસાના જોરે એડમિશન મેળવી લે છે. ટ્યુશન ક્લાસિસવાળા વિદ્યાર્થીઓ પાસેથી લાખો રૂપિયા ફી લે છે. સ્કૂલ પણ બોગસ એડમિશન માટે લાખો રુપિયા ફી લે છે. ઉચ્ચ શિક્ષણ વિભાગની નજર સામે જ શિક્ષણનો કાળો કારોબાર થઇ રહ્યો છે. ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ વિભાગ માલેતુજાર અને ક્લાસિસો સામે મૌન છે. ફ્ફના કેમેરામાં બોગસ એડમિશનનો પર્દાફાશ થયો છે.

અમદાવાદમાં ડોક્ટર ભૂતાન ફરવા ગયા અને ચોરોએ ઘરમાં હાથ સાફ કર્યો

અમદાવાદ, તા.૨૩

વેકેશનનો સમય હોવાથી ઘરફોડના બનાવો વધી રહ્યાં છે. રાતના સમયે થતી ચોરીઓ વધુ પ્રમાણમાં થતાં પોલીસના પેટ્રોલિંગ સામે સવાલો ઉભા થયાં છે. અમદાવાદના નારણપુરામાં રહેતા ડોક્ટર પરિવાર સાથે ભૂતાન ફરવા માટે ગયાં અને ચોરોએ તેમના ઘરમાંથી સોનાના દાગીના, રોકડા રૂપિયા તથા કેટલીક ઈલેક્ટ્રોનિક ચીજવસ્તુઓની ચોરી કરી હતી. આ ડોક્ટરે નારણપુરા પોલીસ સ્ટેશનમાં ૧૨.૫૦ લાખની મત્તાની ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાવી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદના નારણપુરા વિસ્તારમાં રહેતા ડોક્ટર તેમની પત્ની અને દીકરી સાથે ભૂતાનના પ્રવાસે ગયા હતાં. તેઓ ઘરે પરત ફરતાં તેમના ઘરનો સામાન વેરવિખેર પડ્યો હતો. તેમના ઘરમાં રસોડાના દરવાજાનું લોક પણ તૂટેલી હાલતમાં હતું.

બોટાદ જીલ્લાના ડાયમંડ ઉદ્યોગમાં મંદીનો માહોલ

૨૦થી ૨૫ ટકા કારખાના બંધ : હીરાના રફની સોલ્ટેઝ આવતા અને ત્યાર હીરો વેચાતા ન હોવાથી કારખાના માલિકોમાં અત્યારે ચિંતા જોવા મળી રહી છે

બોટાદ, તા.૨૩

રશિયા અને યુક્રેન યુદ્ધના લીધે બોટાદ જીલ્લાના ડાયમંડ ઉદ્યોગમાં મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. જીલ્લામાં ૨૦થી ૨૫ ટકા કારખાના બંધ થઈ ગયા છે. હીરાના રફની સોલ્ટેઝ આવતા અને ત્યાર હીરો વેચાતા ન હોવાથી કારખાના માલિકોમાં અત્યારે ચિંતા જોવા મળી રહી છે.

જો આવીજ રીતે રહેશે તો આગામી એક તારીખ પછી ૫૦ ટકાથી વધુ કારખાના બધં થશે. તેવી ડાયમંડ એસોસિએશનના પ્રમુખ દ્વારા નિવેદન આપવામાં આવ્યું છે. કારખાના બંધ થતા કારીગરોમાં ચિંતા જોવા મળી રહી છે.

બોટાદ શહેર અને જિલ્લો હિરા ઉધોગ અને ખેતી આધારિત નભતો નાનકડો જિલ્લો છે. અહીં જિલ્લામાં ૧૩૦૦ થી ૧૫૦૦ જેટલા હિરાના કારખાનાઓ આવેલા છે. ૫૦૦થી વધારે હીરાની ઓફિસો આવેલ છે.

જીલ્લામાં મોટી સંખ્યામાં રત્ન કલાકારો હિરા ઘસી પોતાનુ ગુજરાન ચલાવે છે તેમજ બોટાદ શહેરમાં મોટા પ્રમાણમાં વેપારીઓ હિરાની લે વેચના ધંધા સાથે સંકળાયેલા છે.ઉલ્લેખનીય છે કે, કાચો હિરો જે રશિયાથી આવે છે જેને હિરાની રફ કહેવાય છે જે ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં હિરો તૈયાર થાય છે. અત્યારે રશિયા અને યુક્રેન વચ્ચે થયેલ યુદ્ધ થયું છે જેની અસર હિરાના વેપાર પર પડેલ છે. ત્યારે બોટાદ જીલ્લામાં હાલ તો મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે અને જેના કારણે ૨૦ થી ૨૫ ટકા કારખાના બંધ કરવાની ફરજ પડી છે.

બોટાદ જીલ્લામાં ૭૦ હજારથી વધુ કારીગરો આ વ્યવસાય સાથે જોડાયેલા હોઈ અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હોય છે પરતું હાલ હીરાની રફ આવતી ના હોઈ અને ત્યાર બનાવેલ હીરો માર્કેટમાં વેચાતો ન હોઈ જેને લઈ કારખાના માલિક તેમજ દલાલ અને વેપારીઓને ભારે હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે. કારખાના માલિકને અત્યાર હીરો વેચાતો ન હોઈ જેને લઈ કારીગરીનો પગાર સમયસર કરી શકાય તેમ નથી. જેને લઈ કારખાના બંધ કરવાની ફરજ પડી રહી છે. ત્યારે જો આવીજ રીતે મદી રહી તો આગામી ૧ તારીખ પછી ૫૦ ટકાથી વધુ કારખાના બધ થય જશે

ખેડા અને આણંદ જિલ્લામાં અકસ્માતોના બનાવમાં વધારો

૨૦ સ્થળને બ્લેક સ્પોટ જાહેર કરાયા : ગામડી ઓવરબ્રિજ, બેડવા ઓવરબ્રિજ, કિંખલોડ ચોકડી, બોરસદ વાસદ માર્ગ અને ટોલ નજીકના રસ્તાઓ, ગામને બ્લેક સ્પોટ જાહેર કરવામાં આવ્યા છે

અમદાવાદ, તા.૨૩

આણંદ અને ખેડા જિલ્લામાં અવારનવાર અકસ્માતના બનાવો બને છે. જેના કારણે અહીં કેટલાક વિસ્તારોને બ્લેક સ્પોટ જાહેર કરવામાં આવ્યા છે. આણંદ જિલ્લામાં આઠ અને ખેડા જિલ્લામાં ૨૦ સ્થળોને બ્લેક સ્પોટ જાહેર કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૨માં ખેડા જિલ્લામાં માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવનારા લોકોની સંખ્યા ૨૩૮ છે અને આણંદ જિલ્લામાં માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવનારા લોકોની સંખ્યા ૩૫થી વધુ છે.

સામાન્ય રીતે પોલીસ, આરટીઓ અને માર્ગ મકાન વિભાગ દ્વારા સંકલન કરીને એક વર્ષમાં ત્રણથી વધુ અકસ્માતો થતા હોય તેવા રસ્તાઓને બ્લેક સ્પોટ તરીકે જાહેર કરવામાં આવે છે. ગામડી ઓવરબ્રિજ, બેડવા ઓવરબ્રિજ, કિંખલોડ ચોકડી, બોરસદ વાસદ માર્ગ અને ટોલ નજીકના રસ્તાઓ, ગામને બ્લેક સ્પોટ જાહેર કરવામાં આવ્યા છે.

ખેડા જિલ્લાના બ્લેક સ્પોર્ટ્સની વાત કરીએ તો મિલ રોડ, આંબેડકર રોડ, સરદાર ભવન, કોલેજ રોડ, ગુતાલ પીપલગ રોડ, કમલા ચારરસ્તા, બુલવાર્ડ ૯ હોટલ, ટંડેલ ઓવરબ્રિજ, વડદ રોડ, આદિનાર ચોકડી, કંજરી ચોકડી, આરખિયાલ પાટિયા, સિદ્ધિ વિનાયક મંદિર ફાગવેલ હાઈવે, કપડવંજ, નિર્માલી રોડ, મોડાસા હાઈવે, કુલ ૨૦ બ્લેક પોઈન્ટ જાહેર કરવામાં આવ્યા છે.

હવે જો માર્ગ અકસ્માતોની વાત કરીએ તો વર્ષ ૨૦૨૨માં ખેડા જિલ્લામાં કુલ ૬૮૭ અકસ્માતો થયા હતા, જેમાં કુલ ૨૨૩ જીવલેણ અને ૨૩૮ લોકોના મોત થયા હતા અને ૩૩૧ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

વર્ષ ૨૦૨૨માં ખેડા જિલ્લામાં જાન્યુઆરીમાં ૧૬, ફેબ્રુઆરીમાં ૨૦, માર્ચમાં ૧૮, એપ્રિલમાં ૧૩, મેમાં ૨૪, જૂનમાં ૩૦, જુલાઈમાં ૨૩, ઓગસ્ટમાં ૨૧, માર્ચમાં ૧૬ના મોત થયા હતા. સપ્ટેમ્બરમાં મૃત્યુ. ઓક્ટોબર મહિનામાં ૨૫, નવેમ્બર મહિનામાં ૧૮ અને ડિસેમ્બર મહિનામાં ૧૪ મૃત્યુ થયા હતા.

જો ચાલુ વર્ષની વાત કરીએ તો જાન્યુઆરી મહિનામાં ૨૨ જાનહાનિમાંથી ૨૫ મૃત્યુ થયા હતા, ફેબ્રુઆરીમાં ૧૭ મૃત્યુ થયા હતા, માર્ચમાં ૯ મૃત્યુમાંથી ૧૧ અને એપ્રિલમાં ૨૫ મૃત્યુ થયા હતા જેમાં ૨૬ લોકો હતા. તેમના જીવ ગુમાવ્યા.

બ્રાન્ડેડ કંપનીના નામે નકલી કપાસિયા તેલ બનાવતી ફેક્ટરી ઝડપાઈ

અરવલ્લી, તા.૨૩

મોડાસા GIDCમાંથી તિરૂપતિ કપાસિયા તેલના નામે નકલી તેલના ડબ્બાનું પેકિંગ કરતી ફેક્ટરી ઝડપાઈ છે. જીંની ટીમે દરોડો પાડીને ૮ ડબ્બા, ૩૬ સ્ટીકર અને ડબ્બાના ૩૮ બૂચ જપ્ત કર્યા છે. મળતી માહિતી અનુસાર, મોડાસા GIDC વિસ્તારમાં આવેલી લક્ષ્મી પ્રોટીન્સ નામની તેલ બનાવતી ફેક્ટરીમાં SOG PI સી.એફ રાઠોડ અને તેમની ટીમે બાતમી આધારે રેડ કરી હતી. આ દરમિયાન જૂના તેલના ડબ્બામાં અન્ય તેલ ભરી 'તિરૂપતિ કપાસિયા તેલ'ના સ્ટીકર તેમજ બૂચનો ઉપયોગ કરી વેચાણ કરતા વેપારીને ઝડપી લેવાયો હતો. આ દરમિયાન SOGની ટીમે તિરૂપતિ કપાસિયા તેલના ડુપ્લીકેટ ૩૬ સ્ટીકર, ૩૮ નંગ બુચ તેમજ ૧૫ કિલો તેલ ભરેલા આઠ ડબ્બા સહિત કુલ રૂપિયા ૧૮,૮૧૬નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.